**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૭૮૦/૨૦૧૯.**

**ફરિયાદી : સરકારી શ્રમ અધિકારી અને ગ્રેજ્યુઈટી ચુકવણી ઈન્સ્પેકટરશ્રી.**

**: વિરૂધ્ધ :**

**આરોપી : ૧. ક્રિશ્નોનિકસ લિ.,**
બી–૧૦૦ ઈલેકટ્રોનિક એસ્ટેટ, જીઆઈડીસી,
સેકટર–૨૬, ગાંધીનગર.

**૨. શ્રી શશાંકભાઈ ઈન્દુભાઈ શાહ–ડાયરેકટર,**
રહે. મધુવન બંગલો, આઈઆઈએમ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ.

**ગુન્હો : ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમની કલમ ૯ મુજબ.**

**–: ચૂ કા દો :–**

(૧) હાલનો ફોજદારી કેસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ગાંધીનગર તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ સરકારી શ્રમ અધિકારી જે તે વખતે સબંધિત જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી તે ધી **પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ ૧૯૭૨** અન્વયે ઈન્સ્પેકટર તરીકે નિમવામાં આવેલ છે. વધુમાં તેઓએ આરોપી સંસ્થાની મુલાકાત લીધેલ ત્યારે, આરોપી સંસ્થા ધ્વારા **ગ્રેજ્યુઈટી ચુકવણી (ગુજરાત) ના નિયમોના નિયમ ૧૯** નો ભંગ કરેલ હોવાનું જણાયેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ ૯** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ હાલના કેસમાં આરોપીઓને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ. આરોપી તરફે હાજર અધિકૃત ઓથોરીટી હોલ્ડરે સ્વેચ્છાએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ

વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ ગ્રેજયુઈટી ચુકવણી ધારા અન્વયેના **ગ્રેજયુઈટી ચુકવણી (ગુજરાત) ના નિયમોના નિયમ ૧૯ નો** ભંગ કરીને પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટની કલમ–૯ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ ગ્રેજયુઈટી ચુકવણી ધારા અન્વયેના **ગ્રેજયુઈટી ચુકવણી (ગુજરાત) ના નિયમોના નિયમ ૧૯ ના** ભંગ બદલ સદર કાયદાની કલમ ૯ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીને તે ભંગ બદલ **રૂા.૧૦,૦૦૦**/–તેમ બે આરોપીના કુલ મળીને **રૂા.૨૦,૦૦૦/–** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપી નં.૨ ને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. ૨૬/૬/૨૦૨૨.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.